For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ધારાસભ્ય યોગેશ પટેલનું અવસાન થતાં બેઠક ખાલી પડતાં ચૂંટણી પંચની જાહેરાત

# માંજલપુર બેઠક પર પેટાચૂંટણીનો બ્યુગલ વાગ્યો 30 જુલાઈએ મતદાન, ૩ ઓગસ્ટે પરિણામ

**૬ જુલાઈએ** નોટિફિકેશન બહાર પડશે, ૧૩ જુલાઈ સુધી ફોર્મ ભરી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરની મહત્વપૂર્ણ માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ચૂંટણી પંચે સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. કાર્યક્રમ જાહેર થતાં જ સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને વિવિધ રાજકીય પક્ષોએ ઉમેદવારોની પસંદગી તેમજ ચૂંટણી વ્યૂહરચના પર કામ શરૂ કરી દીધું છે. મતદાન 30 જુલાઈના રોજ યોજાશે, જ્યારે મતગણતરી 3 ઓગસ્ટના રોજ હાથ ધરાશે.

ચૂંટણી પંચના કાર્યક્રમ મુજબ 6 જુલાઈના રોજ ગેઝેટ નોટિફિકેશન બહાર પાડીને ચૂંટણી પ્રક્રિયાની સત્તાવાર શરૂઆત કરવામાં આવશે. ઉમેદવારો 13 જુલાઈ સુધી ઉમેદવારીપત્રો ભરી શકશે. ત્યારબાદ 14 જુલાઈના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે.

ચકાસણી પૂર્ણ થયા બાદ ઉમેદવારોને 16 જુલાઈ સુધી ઉમેદવારી પરત ખેંચવાની તક આપવામાં આવશે. ત્યારબાદ અંતિમ ઉમેદવારોની યાદી જાહેર થતાં ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર રહેશે તે સ્પષ્ટ થશે.

**ચૂંટણી કાર્યક્રમ**

**૬ જુલાઈ**
ગેઝેટ નોટિફિકેશન બહાર પડાશે
**૧૩ જુલાઈ :** ફોર્મ ભરી શકાશે
**૧૪ જુલાઈ :** ફોર્મની ચકાસણી
**૧૬ જુલાઈ :** ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે
**૩૦ જુલાઈ :** મતદાન
**૩ ઓગસ્ટ** : મત ગણતરી

**ટિકિટ માટે દાવેદારોનું લોબિંગ શરૂ**

ચૂંટણી કાર્યક્રમ જાહેર થતાં જ માંજલપુર બેઠક પર ટિકિટ મેળવવા રાજકીય દાવેદારો સક્રિય બન્યા છે. ભાજપમાં ટિકિટ માટે ગાંધીનગરથી દિલ્હી સુધી સંપર્કો તેજ બન્યા છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં પણ દાવેદારો લોબિંગમાં વ્યસ્ત બન્યા છે. જેના કારણે વડોદરાનું રાજકીય વાતાવરણ ગરમાયું છે.

માંજલપુર બેઠક પર શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત મતદાન માટે ચૂંટણી તંત્રે તૈયારીઓ શરૂ કરી દીધી છે. 30 જુલાઈના રોજ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને નવા ધારાસભ્યની પસંદગી કરશે. ત્યારબાદ 3 ઓગસ્ટના રોજ મતગણતરી હાથ ધરાશે અને પરિણામ જાહેર થશે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ 4 ઓગસ્ટ સુધીમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. કાર્યક્રમ જાહેર થતાં જ ભાજપ, કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પક્ષોમાં ચૂંટણીને લઈને બેઠકો અને સંગઠનાત્મક તૈયારીઓ તેજ બની છે. માંજલપુર બેઠકની પેટાચૂંટણીને લઈને હવે રાજકીય માહોલ વધુ ગરમાવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### રીક્ષા ચાલકોની જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ

# રેલવે સ્ટેશનના રિક્ષા સ્ટેન્ડ પર કોન્ટ્રાક્ટ સિસ્ટમનો વિરોધ, રિક્ષા ચાલકોનો દેખાવ



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા રેલવે સ્ટેશન બહાર આવેલા રિક્ષા અને ટેક્સી સ્ટેન્ડ પર રેલવે પ્રશાસન દ્વારા અમલમાં મૂકાયેલી કોન્ટ્રાક્ટ સિસ્ટમ સામે આજે રિક્ષા ચાલકોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો. વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયનના નેતૃત્વ હેઠળ મોટી સંખ્યામાં રિક્ષા ચાલકોએ વિરોધ પ્રદર્શન કરી કલેક્ટરને આવેદન પત્ર આપી નિર્ણય પર પુનર્વિચાર કરવા રજૂઆત કરી છે.

યુનિયનના આક્ષેપ મુજબ, નવા કોન્ટ્રાક્ટર દ્વારા રિક્ષા ચાલકો પાસેથી કલાક દીઠ રૂ. 20થી 30 સુધીની વસૂલાત કરવાની યોજના બનાવવામાં આવી છે. ચાલકોનું કહેવું છે કે આ પ્રકારની વસૂલાત ગરીબ અને મધ્યમવર્ગીય રિક્ષા ચાલકો માટે વધારાનો આર્થિક બોજ સાબિત થશે અને તેમની રોજગારી પર પણ તેની સીધી અસર પડશે. વિરોધ પ્રદર્શન દરમિયાન રિક્ષા ચાલકોએ હાથમાં પ્લેકાર્ડ્સ સાથે સૂત્રોચ્ચાર કરી રિક્ષા ચાલકોના હકોનું રક્ષણ કરવા અને મુસાફરોને સરળ જાહેર પરિવહન સેવા જળવાઈ રહે તેવી માંગ કરી હતી. વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયનના પ્રમુખ બિલાલ પરમારે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ દાયકાથી રેલવે સ્ટેશન પર રિક્ષા સ્ટેન્ડ કાર્યરત છે. આવા સમયે અચાનક કલાકના આધારે ચાર્જ વસૂલવાની કોન્ટ્રાક્ટ સિસ્ટમ અમલમાં મૂકવી અન્યાયપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે રિક્ષા સેવા જાહેર પરિવહનનો મહત્વનો ભાગ છે અને આવા નિર્ણયથી હજારો પરિવારોની રોજીરોટી પર અસર પડશે. યુનિયને ચેતવણી આપી છે કે જો રેલવે પ્રશાસન દ્વારા આ નિર્ણય પર પુનર્વિચાર કરવામાં નહીં આવે અને રજૂઆતનો યોગ્ય ઉકેલ નહીં લાવવામાં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. જરૂર પડશે તો કાનૂની માર્ગ અપનાવી સમગ્ર મામલો હાઈકોર્ટ સુધી લઈ જવામાં આવશે તેવી પણ યુનિયન દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

# MSU ટેક્નોલોજી ફેકલ્ટીમાં ABVPની રજૂઆત, ૪૮ કલાકનું અલ્ટિમેટમ

**SC-ST** વિદ્યાર્થીઓના પરિણામો જાહેર કરવા અને શિષ્યવૃત્તિમાં વધારો કરવાની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગના ડીનને આવેદનપત્ર આપી વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવાની માંગ કરવામાં આવી છે. સંગઠને ચેતવણી આપી છે કે 48 કલાકમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આવેદનમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના ફ્રી-શિપ કાર્ડ સંબંધિત પ્રશ્નોના કારણે પરિણામો અટક્યા હોવાનું જણાવાયું છે. પરિણામ જાહેર ન થતાં અનેક વિદ્યાર્થીઓ હાલની પ્રવેશ પ્રક્રિયાથી વંચિત રહી રહ્યા હોવાનું ABVPએ રજૂ કર્યું હતું.

સાથે જ કમ્પ્યુટર અને મિકેનિકલ શાખાના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિમાં શૈક્ષણિક તથા ટ્યુશન ફીની રકમમાં વધારો કરવાની માંગ પણ કરવામાં આવી છે. હાલ મળતી શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓ માટે પૂરતી ન હોવાનું સંગઠનનું કહેવું છે.

ABVPના આગેવાન વેદ ત્રિવેદીએ જણાવ્યું હતું કે સંગઠન છેલ્લા 77 વર્ષથી વિદ્યાર્થી હિત માટે કાર્યરત છે. જો પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો તેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી તંત્રની રહેશે.

# વાદળછાયા વાતાવરણ છતાં ગરમીનો અહેસાસ, ભારે વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

વડોદરા શહેરમાં ગુરુવારે વાદળછાયા વાતાવરણ છતાં ગરમી અને બફારાનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહત્તમ તાપમાન 32.4 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ 27.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ 81 ટકા અને સાંજે 77 ટકા રહેતાં ઉકળાટ યથાવત રહ્યો હતો.

હવામાન વિભાગે આગામી છ દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટાછવાયા વરસાદી ઝાપટાં તેમજ કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, અરબ સાગર અને બંગાળની ખાડીમાંથી આવતા ભેજ તેમજ મધ્યપ્રદેશમાં સર્જાયેલા લો-પ્રેશરના કારણે ગુજરાતમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. વડોદરા સહિત પૂર્વ ગુજરાતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### ડિજિટલ ઈન્ડિયાના ૧૧ વર્ષ પૂર્ણ થવા પર વડોદરામાં અદ્યતન 'આધાર સેવા કેન્દ્ર'નું લોકાર્પણ

# હવે પાસપોર્ટ સેવાની જેમ 'આધાર' માટે મળશે ઓનલાઈન એપોઇન્ટમેન્ટ

**અઠવાડિયા** કાર્યરત રહેશે, ૮ કાઉન્ટર્સ પરથી દરરોજ ૫૦૦ નાગરિકોને મળશે લાભ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨

ડિજિટલ ઈન્ડિયા અભિયાનના ૧૧ સફળ વર્ષ પૂર્ણ થવાના અવસરે વડોદરાવાસીઓ માટે એક અત્યંત ઉપયોગી અને હાઈટેક ભેટનું આગમન થયું છે. શહેરના નાગરિકોને આધાર કાર્ડ સંબંધિત કામગીરીમાં પડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'આધાર સેવા કેન્દ્ર'નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

વ્રજ કોમ્પ્લેક્સ, BIDC ગોરવા ખાતે શરૂ થયેલા આ કેન્દ્રની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સંપૂર્ણપણે પારદર્શક અને સુવ્યવસ્થિત છે. પાસપોર્ટ સેવા કેન્દ્રની જેમ જ અહીં નાગરિકો ઘરે બેઠા ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવી શકશે. કેન્દ્રમાં ટોકન સિસ્ટમ અમલમાં હોવાથી નાગરિકોએ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવાની જરૂર નહીં પડે અને વચેટિયાઓનો પ્રશ્ન જ ઉપસ્થિત નહીં થાય.

આ કેન્દ્રનું લોકાર્પણ વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશી, સયાજીગંજના ધારાસભ્ય કેયુરભાઈ રોકડીયા, અકોટાના ધારાસભ્ય ચૈતન્યભાઈ દેસાઈ તેમજ UIDAI ના ડિરેક્ટર અને એમ.એસ. યુનિવર્સિટી અને ગતિશક્તિ વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલરોની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે સાંસદ ડૉ. હેમાંગ જોશીએ સ્વયં બાયોમેટ્રિક પ્રક્રિયા પૂર્ણ કરી આ કેન્દ્રની કાર્યપદ્ધતિનો અનુભવ લીધો હતો. નાગરિકોની સુવિધા માટે આ કેન્દ્ર શનિવાર અને રવિવારે પણ ચાલુ રહેશે. કુલ ૮ અલગ-અલગ કાઉન્ટર્સ કાર્યરત છે, જેના દ્વારા દરરોજ અંદાજે ૫૦૦ નાગરિકો આધાર કાર્ડ કઢાવવા કે અપડેટ કરાવવાની કામગીરી પૂર્ણ કરી શકશે. વિદ્યાર્થીઓ અને બાળકો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સરકારી યોજનાઓના લાભ તથા બેંક ખાતા ખોલાવવા માટે જરૂરી બાયોમેટ્રિક પ્રક્રિયા અહીં ખૂબ જ સરળતાથી થઈ શકશે. વડોદરામાં શરૂ થયેલું આ નવતર અભિગમ ધરાવતું કેન્દ્ર ડિજિટલ સેવાઓને નાગરિકોના ઘર આંગણે વધુ સુગમ અને ઝડપી બનાવવાની દિશામાં એક મોટું પગલું સાબિત થશે.

# સમા ફ્લાયઓવર નિર્માણને પગલે ૪ મહિના ટ્રાફિક ડાયવર્ઝન અમલમાં

**૨ જુલાઈથી** ૧૫ ઓક્ટોબર સુધી ભારે વાહનો, એસટી અને વિટકોસ બસો માટે વૈકલ્પિક રૂટ નક્કી

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સમા તળાવ (અબાકસ) જંક્શન ખાતે નવા ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ શરૂ કરવામાં આવતા શહેરમાં ૨ જુલાઈથી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ટ્રાફિક ડાયવર્ઝન અમલમાં મૂકવામાં આવ્યું છે. નિર્માણ કામગીરી દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે અને વાહનચાલકોને અગવડતા ન પડે તે માટે વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યા છે.

ભારે વાહનો, એસટી અને વિટકોસ બસો માટે હરણી રોડ, ગેડા સર્કલ, હરણી જૂના જકાતનાકા, માણેકપાર્ક સર્કલ, અમિતનગર બ્રિજ, એલ એન્ડ ટી સર્કલ અને મંગલ પાંડે બ્રિજ થઈને અવરજવર કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સંબંધિત વાહનચાલકોએ નિર્ધારિત રૂટનું પાલન કરવાની સૂચના આપવામાં આવી છે.

ટુ-વ્હીલર અને કારચાલકો માટે પણ વૈકલ્પિક માર્ગ જાહેર કરવામાં આવ્યો છે. સમા-હરણી લિંક રોડ તરફથી આવતા વાહનો અબાકસ સર્કલથી ડાબી તરફ વળી ઉર્મિ બ્રિજ પાસે યુ-ટર્ન લઈને સર્વિસ રોડ મારફતે સમા ગામ તરફ જઈ શકશે. જ્યારે સમા ગામ તરફથી આવતા વાહનો આશીર્વાદ હોસ્પિટલ નજીક યુ-ટર્ન લઈને સર્વિસ રોડ મારફતે સમા-હરણી લિંક રોડ તરફ જઈ શકશે.

મહાનગરપાલિકાએ વાહન ચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા, સૂચના બોર્ડને અનુસરવા અને શક્ય હોય ત્યાં સુધી વૈકલ્પિક માર્ગ પસંદ કરવાની અપીલ કરી છે. નિર્માણ કામગીરી દરમિયાન ટ્રાફિક જામ ટાળવા માટે નાગરિકોના સહકારને જરૂરી ગણાવવામાં આવ્યો છે.

### વહીવટી માળખું ખોરવાઈ જવાનો મોટો ખતરો

# મહાપાલિકાના ક્લાસ-૧ અને ૨ના પાંચ અધિકારીઓની એકસાથે એક્ઝિટની તૈયારી

**મ્યુનિસિપલ** તંત્રમાં સ્ટાફની અછત વચ્ચે અચાનક આવેલી નિવૃત્તિની અરજીઓથી તર્કવિતર્ક

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ના વહીવટી તંત્રમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં વિવિધ વિભાગોના ૫ જેટલા જવાબદાર અધિકારીઓએ એકસાથે સ્વેચ્છિક નિવૃત્તિ (VRS) લેવાની જાહેરાત કરી દેતાં પાલિકા આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. છેલ્લા કેટલાક સમયથી કોર્પોરેશનમાં રાજીનામાની મોસમ ચાલી રહી હોય તેમ એક પછી એક ઉચ્ચ અધિકારીઓ સેવામુક્ત થવાની ઈચ્છા દર્શાવી રહ્યા છે.

આ સામૂહિક નિવૃત્તિની અરજી કરનારાઓમાં સામાન્ય વહીવટ વિભાગના ખાતાકીય વડા દેવાંગ ભટ્ટનો સમાવેશ થાય છે. તેઓ હાલમાં તાલીમ અને ખાતાકીય તપાસ એમ બંને મહત્વના વિભાગોનો વધારાનો ચાર્જ પણ સંભાળી રહ્યા છે. તેમના સિવાય અન્ય ચાર મહત્વના અધિકારીઓમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા રેવન્યુ ઓફિસર મનોજ ક્રિશ્ચિયન, વોર્ડ નંબર ૧૭ ના વોર્ડ ઓફિસર મહેશ પટેલ, વોર્ડ નંબર ૧૮ ના રેવન્યુ ઓફિસર પ્રકાશ પરમાર તેમજ વોર્ડ નંબર ૧૬ ના વોર્ડ ઓફિસર અને રેવન્યુ ઓફિસર પરાગ મોદીનો સમાવેશ થાય છે.

અધિકારીઓના આ નિર્ણય પાછળ કૌટુંબિક અને પારિવારિક કારણો દર્શાવવામાં આવ્યા છે. જો કે, પાલિકા વર્તુળોમાં ચર્ચાતી અટકળો મુજબ, સ્ટાફની અછત વચ્ચે અધિકારીઓ પર કામનો બોજ અતિશય વધી ગયો હતો. જો ઉચ્ચ સ્તરેથી આ પાંચેય અધિકારીઓની નિવૃત્તિની અરજીઓ આગામી દિવસોમાં મંજૂર કરવામાં આવશે, તો વડોદરા કોર્પોરેશનની વહીવટી વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

**ક્લાસ-૧ અને ૨ના પાંચ અધિકારી**

**દેવાંગ ભટ્ટ :** સામાન્ય વહીવટ વિભાગના ખાતાકીય વડા (જેઓ હાલમાં તાલીમ અને ખાતાકીય તપાસ એમ બંને મહત્વના વિભાગોનો વધારાનો ચાર્જ પણ સંભાળી રહ્યા છે)
**મનોજ ક્રિશ્ચિયન** - આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા રેવન્યુ ઓફિસર
**મહેશ પટેલ** - વોર્ડ નંબર 17 ના વોર્ડ ઓફિસર
**પ્રકાશ પરમાર** - વોર્ડ નંબર 18 ના રેવન્યુ ઓફિસર
**પરાગ મોદી** - વોર્ડ નંબર 16 ના વોર્ડ ઓફિસર અને રેવન્યુ ઓફિસર

# NEET-PGની 30 ઓગસ્ટે સિંગલ શિફ્ટમાં પરીક્ષા, પેટર્નમાં ધરખમ ફેરફાર

**પ્રશ્નોની** સંખ્યા 200થી ઘટીને 180, હવે પાંચ વિભાગમાં 42-42 મિનિટ

**ઓનલાઈન** અરજી 21 જુલાઈ સુધી ખુલ્લી

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઈન મેડિકલ સાયન્સિસ એ નીટ પીજી 2026 માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ વર્ષે મેડિકલ સ્નાતકો માટે એમડી,એમએસ અને પીજી ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની આ મહત્વપૂર્ણ પરીક્ષા 30 ઓગસ્ટના રોજ સમગ્ર દેશમાં કમ્પ્યુટર આધારિત પરીક્ષા તરીકે એક જ શિફ્ટમાં લેવાશે.

ઓનલાઈન અરજી વિન્ડો ખુલી હતી. જેમાં 21 જુલાઈ, 2026ના રોજ રાત્રે 11:55 વાગ્યા સુધી સક્રિય રહેશે. ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ દ્વારા અરજી કરી શકશે. આ વખતે NBEMS એ પરીક્ષા પેટર્નમાં મોટા ફેરફારો કર્યા છે. કુલ પ્રશ્નોની સંખ્યા 200 થી ઘટાડીને 180 કરવામાં આવી છે. કુલ સમયગાળો ત્રણ કલાક અને 30 મિનિટનો રહેશે. પ્રશ્નપત્ર હવે પાંચ વિભાગોમાં વિભાજિત કરાયું છે.

દરેક વિભાગમાં 36 બહુવિધ પસંદગીના પ્રશ્નો હશે અને ઉમેદવારોને દરેક વિભાગ પૂર્ણ કરવા માટે 42 મિનિટનો સમય મળશે. એકવાર સમય પૂરો થયા બાદ ઉમેદવાર આપમેળે આગળના વિભાગમાં જશે અને પાછલા વિભાગના જવાબોની સમીક્ષા કે ફેરફાર કરી શકાશે નહીં. માર્કિંગ સિસ્ટમમાં સાચા જવાબ માટે ચાર ગુણ, ખોટા જવાબ માટે એક ગુણ કપાશે. પ્રયાસ ન કરાયેલા પ્રશ્નો માટે કોઈ ગુણ આપવામાં કે કાપવામાં આવશે નહીં. NBEMS દ્વારા ટેસ્ટ સિટી ફાળવણી અને સુરક્ષા પગલાંમાં પણ ફેરફાર કરાયા છે.

### દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર પહેલાજ ચોમાસામાં ભંગાણ

# પીલુદરા પાસે પુલનો સ્લેબ તૂટતાં ૮ ફૂટનું ગાબડું, ટ્રક પલટી, ટ્રાફિક ખોરવાયો

**સદનસીબે** મોટી જાનહાનિ ટળી



(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા. 2

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક પીલુદરા ગામ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ગંભીર અકસ્માત સર્જાયો છે. અડોલ અને પીલુદરા વચ્ચે આવેલા પુલનો કોંક્રિટ સ્લેબ અચાનક ધસી પડતાં આશરે 8 ફૂટ જેટલું ગાબડું પડી ગયું હતું. તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એક ટ્રક ગાબડામાં ફસાઈ પલટી ગઈ હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ એક્સપ્રેસવેની ગુણવત્તા અને બાંધકામને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે.

માત્ર થોડા સમય પહેલાં જ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાયેલા આ એક્સપ્રેસવે પર પહેલાજ ચોમાસામાં પુલને નુકસાન પહોંચતાં તૂટેલા સ્લેબમાંથી લોખંડના સળિયા બહાર દેખાઈ રહ્યા છે. પુલના એક્સપાન્સન જોઈન્ટને પણ વ્યાપક નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

સુરત-વડોદરા લેન બંધ, કલાકો સુધી ટ્રાફિક જામ; બાંધકામની ગુણવત્તા સામે ઉઠ્યા સવાલ

ઘટના બાદ સુરતથી વડોદરા જતી મુખ્ય લેન સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી હતી. પરિણામે હાઈવે પર માઈલો લાંબી વાહનોની કતારો લાગી ગઈ હતી અને વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા હતા. હાલ ટ્રાફિકને વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કરવામાં આવી રહ્યો છે.

સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોએ રોડ નિર્માણમાં ભ્રષ્ટાચાર અને અનિયમિતતાની શંકા વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર પણ એક્સપ્રેસવેના બાંધકામની ગુણવત્તા અંગે ભારે ચર્ચા ચાલી રહી છે. જોકે, NHAIના અધિકારીઓએ ઘટનાના કારણો અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. સૂત્રોના જણાવ્યા મુજબ, NHAIની ઉચ્ચ ટેકનિકલ ટીમ સ્થળનું નિરીક્ષણ કરશે અને વરસાદની સ્થિતિ સુધર્યા બાદ યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવામાં આવશે. ત્યાં સુધી ટ્રાફિક ડાયવર્ઝન યથાવત રાખવામાં આવશે.

### સમા ખાતે રિધમ હોસ્પિટલ નજીક નદીનો કિનારો ધોવાયો, મુખ્ય માર્ગ પર પડી ભયજનક તિરાડો

# વિશ્વામિત્રીના પાળાનું ધોવાણ, હજારો લોકો પર પૂરનું જોખમ

**3 હજાર** સેન્ડબેગથી કામચલાઉ બચાવ, ગેબિયન વોલ અધૂરી રહેતાં સ્થાનિકોમાં ચિંતા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ચોમાસાની શરૂઆત સાથે જ વડોદરામાં પૂરના સંકટની આશંકા ફરી ઊભી થઈ છે. શહેરની જીવાદોરી ગણાતી વિશ્વામિત્રી નદીમાં આવેલા પ્રથમ જ વરસાદે પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખોલી નાખી છે. સમા વિસ્તારમાં રિધમ હોસ્પિટલ અને સિદ્ધાર્થ બંગલોઝ નજીક નદીના પાળાનું મોટા પાયે ધોવાણ થતાં મુખ્ય માર્ગ પર પણ મોટી તિરાડો પડી છે. જેના કારણે માર્ગ ગમે ત્યારે ધસી પડવાની તેમજ ભારે વરસાદમાં વિસ્તાર પૂરગ્રસ્ત બનવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ હરણી મોટનાથ રોડની બાજુમાં આવેલા નદીના કિનારાનું ધોવાણ થતાં આસપાસની અનેક સોસાયટીઓના હજારો રહેવાસીઓમાં ભયનો માહોલ છે. આગામી દિવસોમાં ભારે વરસાદ વરસે તો માર્ગને નુકસાન થવાની સાથે જનજીવન પર પણ ગંભીર અસર પડી શકે છે.

પરિસ્થિતિની ગંભીરતા જોતા વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓ અને એન્જિનિયરો સ્થળ પર દોડી ગયા હતા. ધોવાણ અટકાવવા માટે આશરે ૩ હજાર સેન્ડબેગ ગોઠવીને કામચલાઉ સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ આગામી ચારથી પાંચ દિવસમાં વધુ સેન્ડબેગ મૂકવામાં આવશે. જોકે સ્થાનિકો કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે.

વર્ષ ૨૦૨૪ના વિનાશક પૂર બાદ વિશ્વામિત્રી રિવાઈવલ પ્રોજેક્ટ હેઠળ નદીને ઊંડી-પહોળી કરવા તથા ૧૩ સંવેદનશીલ સ્થળોએ ગેબિયન વોલ બનાવવાનું આયોજન થયું હતું. ચાર બ્રિજ નજીક કામગીરી પૂર્ણ થઈ હોવા છતાં સમા વિસ્તારનું કામ ગ્રાન્ટ મોડી મળતાં અધૂરું રહ્યું હોવાનું પાલિકા જણાવી રહી છે. હવે ચોમાસાની શરૂઆતમાં જ સર્જાયેલી સ્થિતિએ પાલિકાની તૈયારી સામે ફરી પ્રશ્નો ઊભા કર્યા છે.



**ગ્રાન્ટની ફાઈલોમાં અટવાયેલું જનતાનું નસીબ: પાલિકાનું 'ઠાગાઠૈયા' અને જનતાને માથે પૂરનો ભય !**

વર્ષ ૨૦૨૪ના પૂરનો કડવો અનુભવ હજુ લોકો ભૂલ્યા નથી, ત્યારે આ વર્ષે પણ વિશ્વામિત્રીના પાળાનું ધોવાણ થતાં પાલિકાની કામગીરી સામે અસંતોષ વ્યક્ત થઈ રહ્યો છે. તંત્ર ગ્રાન્ટ પાંચ મહિના મોડી મળવાનું કારણ આપી રહ્યું છે, પરંતુ સ્થાનિકોનું કહેવું છે કે સંવેદનશીલ વિસ્તારોમાં કાયમી સુરક્ષા કામગીરી સમયસર પૂર્ણ થવી જરૂરી હતી. કરોડોના ગેબિયન વોલના બદલે હાલ માત્ર સેન્ડબેગના સહારે સ્થિતિ સંભાળવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ભારે વરસાદની આગાહી વચ્ચે હવે સ્થાનિકોની માંગ છે કે તાત્કાલિક કાયમી કામગીરી પૂર્ણ કરી વિસ્તારને પૂરનાં જોખમમાંથી મુક્ત કરવામાં આવે.

### તરસ્યા રહીશો સામે રસ્તા પર વેડફાતું પાણી, પાલિકાની કામગીરી સામે સવાલ

# પૂર્વ વિસ્તારમાં પાણીની અછત વચ્ચે મુખ્ય લાઈન લીકેજથી લાખો લીટર પાણી વેડફાયું

**વારંવારની** રજૂઆત છતાં કાર્યવાહી નહીં; રહીશોમાં રોષ, તંત્રની કાર્યશૈલી પર ઉઠ્યા પ્રશ્નો



(પ્રતિનિધિ) વડોદરા તા.2

સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં પીવાના પાણીની અછત વચ્ચે પાલિકાના વહીવટ સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. એક તરફ રહીશો પાણીના એક-એક ટીપા માટે હેરાન થઈ રહ્યા છે, જ્યારે બીજી તરફ મુખ્ય પાણીની પાઈપલાઈનમાં લીકેજ થતાં લાખો લીટર શુદ્ધ પાણી રસ્તા પર વેડફાઈ રહ્યું છે. આ વિરોધાભાસી સ્થિતિને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રહીશોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં નિયમિત અને પૂરતા દબાણથી પાણી મળતું નથી. પાણી માટે લોકોને પાલિકાની કચેરીઓના ધક્કા ખાવા પડે છે તેમજ ટેન્કરની રાહ જોવી પડે છે. બીજી તરફ, તૂટેલી પાઈપલાઈનમાંથી ફુવારાની જેમ પાણી વહેતું હોવા છતાં તેને અટકાવવા માટે તંત્ર તરફથી અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી.

સ્થાનિકોએ અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરી હોવાનો દાવો કર્યો છે, છતાં લીકેજ યથાવત રહેતાં લોકોમાં અસંતોષ વધી રહ્યો છે. ચૂંટણી સમયે ઘરે-ઘરે પૂરતું પાણી પહોંચાડવાના વચનો આપનારા જનપ્રતિનિધિઓ અને જવાબદાર અધિકારીઓ પણ હવે મૌન હોવાનું રહીશો કહી રહ્યા છે.

રહીશોનું કહેવું છે કે જો લીકેજ તાત્કાલિક બંધ કરીને પાણીનું યોગ્ય સંચાલન કરવામાં આવે તો પૂર્વ વિસ્તારની પાણીની સમસ્યામાં નોંધપાત્ર રાહત મળી શકે. સતત થઈ રહેલા પાણીના વેડફાટને લઈને હવે પાલિકા તંત્ર ક્યારે જાગશે તેવો સવાલ સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.